ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઉજવાયો વિશ્વ યોગ દિવસ

● રંગોલી ઇન્ટરનેશનલ સ્કૂલ

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના વિશાળ કેમ્પસમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પારુલ ઉપાધ્યાય જે એક યોગ નિષ્ણાત તરીકે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને તાલીમ આપવા માટેની સંસ્થામાં નિયમિત મુલાકાત લેતી ફેકલ્ટી પણ છે અને તેઓ બે દાયકાથી વધુ સમયથી બહોળો અનુભવ ધરાવે છે તેઓના દ્વારા બાળકોને પ્રાણાયામ, અનુલોમ વિલોમ, તાડાસન અને સુર્ય- નમસ્કાર જેવા વિવિધ યોગ શીખવવામાં આવ્યા હતા અને દરેક યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ અનામિકા અંજારિયાએ વિદ્યાર્થીઓને તેમના અંગત સ્વાસ્થ્ય માટે દૈનિક ધોરણે યોગાભ્યાસ શરૂ કરવા પ્રેરિત કર્યા અને યોગના મહત્વ વિશે માહિતી આપી હતી. આ ઉજવણીમાં લાયન્સ ક્લબ ફેમિનાના સભ્યોએ પણ તેમની બહુમુલ્ય હાજરી આપી હતી. અંતમાં વાઇસ પ્રિન્સિપાલ દીપા નિશાદ દ્વારા દરેક ઉપસ્થિત માહાનુભવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

● સરસ્વતી ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ સાયન્સના એનએસએસ યુનિટ, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીએ ૮મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. આ ઉજવણી ડો.ધવલ પટેલ અને ડો.કૌશિક કનાડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. બી.ફાર્મ, એમ. ફાર્મ, અને ફાર્મ.ડી. ના વિદ્યાર્થીઓએ ઓમકાર મંત્રોચ્ચાર બાદ વિવિધ આસનોથી યોગ કર્યા હતા. ફિટ રહેવા માટે અને નિયમિત યોગાભ્યાસ કરવાના સંકલ્પ સાથે ઉજવણીનું સમાપન થયું.

● શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક

ભારત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી ના ભાગ રૂપે "યોગા ફોર હ્યુમિનીટી" ની થીમ પર શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિકમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રો દ્વારા વિવિધ યોગાસનોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં યોગ પ્રશિક્ષકશ્રી દ્વારા સ્ટાફ મિત્રો તેમજ વિદ્યાર્થીઓને યોગાસનો શિખવાડવામાં આવ્યા હતા. આ યોગદિવસમાં યોગ પ્રશિક્ષક તરીકે સંસ્થાના વિદ્યાર્થીઓએ યોગની તાલીમ આપી હતી. આ યોગનો પ્રચાર અને પ્રસાર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સુધી પહોંચે, તેમજ વિદ્યાર્થીઓનો માનસિક અને શારિરીક વિકાસ થાય અને માનવતા શીખે તે ધ્યેય સાથે યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીએ રોજ યોગ કરવાનો અને યોગને દિનચર્યામાં ઉમેરવાનો સંકલ્પ કર્યો હતો.

● એસજી અને એસવી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા

૨૧ જૂન ઈન્ટરનેશનલ યોગદિવસ નિમિત્તે ગાંધીનગર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓને યોગ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

● સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ

ગાંધીનગર સેકટર-૨૮ ખાતે આવેલા સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ ખાતે વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એનસીસી ના ૬૦૦ અને સ્કૂલ ના બાળકો સાથે ૧૧૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સાથે સમર્પણ એજ્યુકેશનના શાળાના બાળકો શાળાનો સ્ટાફ સાથે સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર આર્ટસ કોમર્સ અને સાયન્સના વિધાર્થી તેમજ તેનો સમગ્ર સ્ટાફ એમ એલ ઈ નર્સીગના બધા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર હાજરી આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓના વાલી પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ વિશેષ પ્રસંગે યોગાચાર્ય શ્રી કાનજીભાઈ બાવરી ઉપસ્થિત રહી યોગ નું જીવન માં કેટલું મહત્વ છે તે સમજાવ્યું હતું.

● ચિલ્ડ્રન યુનિવર્સિટી

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને આઈ.આઈ.ટી.ઈ.ના સંયુક્ત ઉપકમે ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. 'માનવતા માટે યોગ'ની થીમ પર યોજાયેલા આ કાર્યક્રમમાં બંને યુનિવર્સિટીના અધ્યાપકો, એડમિન સ્ટાફ સહિત ૨૦૦થી વધુ લોકો જોડાયા. પ્રો. રણજિતસિંહ પવારે આયુષ મંત્રાલયના પ્રોટોકોલ મુજબ સ્ટેજ પરથી વિવિધ યોગાસનોનું નિદર્શન કર્યું જ્યારે ડૉ. મહેન્દ્ર પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું.

● ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વયોગ દિન નિમિત્તે ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ,ગાંધીનગર ખાતે NSS/NCC/SPORTS વિભાગના સંયુક્ત ઉપક્રમે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ.હરિત પટેલના માર્ગદર્શનમાં સમગ્ર અધ્યાપકો અને nss/ncc/sports ની કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. બધાએ વિવિધ યોગાસનો કર્યા હતા. યોગ ટીચર તરીકે પ્રોફે.પાયલબેન પંડ્યાએ તેમજ વિદ્યાર્થીનીઓ રૂપલ દેસાઈ અને રિંકુ વાઘેલાએ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ અને સમગ્ર અધ્યાપકો મળીને ૧૫૦ લોકોએ યોગ કર્યા હતા.

● વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ

વિવિધ પ્રકારના યોગ, પ્રાણાયામ, આસનો તથા ધ્યાન- સાધના દ્વારા વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં હતી. આજની વધતી જતી બીમારીઓમાં યોગ મહત્વનું સ્થાન ધરાવે છે. તો શાળા દ્વારા યોગનું મહાત્મ્ય દર્શાવી યોગથી થતા ફાયદા પણ જણાવવામાં આવ્યા હતા. અને દરરોજ યોગ કરે અને શરીરને સ્વસ્થ બનાવે તેવી પ્રેરણા આપવામાં આવી હતી. અને દરેક વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઝ એ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને સહકાર આપ્યો હતો.

● ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા યોગ કાર્યક્રમ સવારે ૯ વાગ્યે કલબ ની ઓફિસ જી આઈ ડી સી ઈ ૧૯૯ સેક્ટર ૨૬ ગાંધી નગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નેશનલ ચેરમેન અક્ષય ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સૌને યૉગ સંજીવ ભાઈ યાદવ અને પિયુષ સોલંકી દ્વારા કરાવવામાં આવ્યા હતા, ઉષા બેન ચૌહાણ દ્વારા યોગ વિશે માહિતી આપવામાં આવી હતી. અક્ષય ઠક્કર-નેશનલ ચેરમેન ઈંડિયન લાયન્સ દ્વારા પિયુષ સોલંકી યોગ ઈન્સ્ટ્રક્ટરનું ફૂલ માળા થી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી યોગી રામનાથ રાવળ દ્વારા યોગ વિષે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

● એસએસવી કેમ્પસ સે-૩

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) તથા એસ.એસ.વી. કેમ્પસ સેક્ટર-૩ દ્વારા આઠમા વિશ્વ યોગ દિવસસે નિઃશુલ્ક યોગાસનો તથા પ્રાણાયામનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઓક્સિજનની વાત કરીએ તો પ્રાણાયામ તેનો ઉકેલ છે. શરીર સ્વસ્થ થશે તો મન સ્વસ્થ થશે. યોગથી જ આપણે આત્માને પરમાત્મા સાથે જોડી શકીએ છીએ એટલે યોગનું મહત્ત્વ વધી રહ્યું છે. લોકોમાં યોગ બાબતે જાગૃતતા આવતા વિશેષ પ્રમાણમાં નગરજનોએ અહીં યોગનો લાભ લીધો હતો.

● સેકટર-૫, જાહેર બગીચો

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે સેકટર-૫ જાહેર બગીચામાં યોગ પરિવાર દ્વારા યોગાસન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અગ્રણી ઉધોગપતિ અંબુસિહ ગોલ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા, સેકટર-પના વસાહતીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. યોગા કાર્યક્રમના સમાપન પછી અગ્રણી ઉધોગપતિ અંબુસિહ ગોલ યોગાસન કાર્યક્રમમાં જોડાઈ ઉપસ્થિત રહેવા બદલ સેકટર-૫ ના અગ્રણી સિનિયર સિટીઝન મુળસિહ ચાવડા દ્વારા ફુલછડી અને સુરેન્દ્રસિહ વાઘેલા દ્વારા બુક અર્પણ કરવામાં આવી હતી.

● સરકારી પ્રાથમિક શાળા સે-૩૦

વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી પ્રાથમિક શાળામાં યોગાસન અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો વિદ્યાર્થીઓને અલગ-અલગ યૌગિક ક્રિયાઓ અને યોગાસન કરાવવામાં આવ્યા હતા. યોગાસનથી થતા ફાયદા થી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગરના સીનીયર સીટીઝન બહેનોએ પણ ભાગ લીધો હતો શાળાના આચાર્ય કુમુદ ત્રિવેદીએ બાળકોને યોગ ભગાવે રોગ વિશે ખૂબ જ સુંદર માહિતી આપી હતી.

● ફિઝીયો વર્લ્ડ દ્વારા સરિતા ઉદ્યાન ખાતે યોગ દિવસની ઉજવણી

ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ, મિલાપ ટાટારિઆ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા સરિતા ઉદ્યાન, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ભાઈઓ, બહેનો અને દિકરીઓ જોડાયાં હતાં અને દરેકને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. યોગાચાર્ય ડૉ. નિધિ લેકિનવાલાએ યોગ કરવાથી શું ફાયદાઓ થાય તે વિશે જણાવ્યું હતું અને વધુમાં વધુ લોકો યોગ તરફ વળે તે માટેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

● ગણપતપુરા પ્રાથમિક શાળા

ગણપત પુરા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો ખૂબ જ સુંદર યોગ કર્યા હતા. જેમાં હાજર સમસ્ત ગ્રામજનો સરપંચ વિષ્ણુ ઠાકોર તેમજ ગણપતિ ફાઉન્ડેશનના પ્રમુખ મમતા બેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. ગણપતિ ફાઉન્ડેશન દ્વારા ગણપત પુરા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી.

● કામધેનુ યુનિવર્સિટી

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ ભાગરૂપે "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી ઓનલાઈન માધ્યમથી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓના સર્વાંગી વિકાસ અર્થે યોગ સપ્તાહ માટે ઓનલાઈન યોગ પ્રશિક્ષણ સત્રનું તા.૧૪-૦૬-૨૦૨૨ થી ૨૦-૦૬-૨૦૨૨ સુધી રોજ સવારે ૭:૦૦ થી ૭:૪૫ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિહારિકા રાવલ (નિયામક, યોગ અર્ચનમ, અમદાવાદ) દ્વારા પ્રાયોગિક નિદર્શન સાથે યોગાભ્યાસ કરાવવામાં આવ્યો અને તા.૨૧-૦૬-૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે ઓનલાઈન ઉજવણી સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમ્યાન કરવામાં આવી. જેમાં શ્રી વિરલભાઈ રાવલ (નિયામક, યોગ અર્ચનમ, અમદાવાદ) દ્વારા પ્રાયોગિક નિદર્શન દ્વારા યોગાભ્યાસ કરાવવામાં આવ્યો. ઉપરોક્ત ઉજવણીમાં સર્વે કર્મચારી/અધિકારીશ્રીઓ મોટી સંખ્યામાં ઓનલાઈન ઉપસ્થિત રહી યોગ કર્યા હતા.

● ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા સમ્રગ વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણે અતિ આનંદ, ઉલ્લાસ ભાગ લીધો હતો.

● એચ.વી. પટેલ કન્યા અને વી.એમ. પટેલ કુમાર બાલમંદિર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરમાં વિશ્વ યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. યોગ વ્યકિતના મન, શરીર અને આત્મા માટે ખૂબ જ જરૂરી છે તે હેતુથી બાલમંદિરના નાના નાના બાળકોને તેનું જ્ઞાન મળે તે માટે શિક્ષકમિત્રોએ જુદા જુદા પ્રાણાયમ અને યોગાસન કરાવ્યા હતા. બાળકો પણ સુંદર મજાના સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા અને યોગાસન કરી વિશ્વ યોગદિનની ઉજવણી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સ્કૂલના ડાયરેક્ટર કિરણબેન પટેલ અને આચાર્ય મીનાક્ષીબેને પૂરું પાડ્યુ હતું.

● સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા યોગ દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સીએચએન શ્રી ધર્મેન્દ્ર સિંહ રાજપુત અને શ્રી જયવીરસિંહ પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં મોટી સંખ્યામાં એનસીસી કેડેટની હાજરીમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એનસીસી અને એન એસ એસ ના વિધાર્થીઓ એ તુલસી ના છોડ નું વિતરણ તેમજ પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું સફળ માર્ગદર્શન આપવા બદલ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડિરેક્ટર એમ.ડી. પાંડે, પ્રિન્સિપાલ ડોક્ટર રાજી ડેનિસ, કોલેજના એએનઓ શ્રી જસપાલસિંહ રાઠોડ તથા તમામ સ્ટાફ મિત્રોએ વિશ્વ યોગ દિવસ ને સફળ બનાવવા ખુબજ મહેનત કરી હતી.

● ઓમ લેન્ડમાર્ક સ્કુલ, મોટા ચિલોડા

આજ રોજ ઓમ લેન્ડમાર્ક સ્કુલ મોટા ચિલોડા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ગુજરાતી માધ્યમ,અંગ્રેજી માધ્યમ,નર્સિંગ અને બી.એસ.સી સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટીશ્રી ડૉ.અશોકભાઈ રાવલ, કેમ્પસ ડાયરેક્ટર સયદા મેમ, ગુજરાતી માધ્યમ આચાર્યશ્રી સુનીલભાઈ રાવલ, અંગ્રેજી માધ્યમ આચાર્ય અર્પિતા મેમ ઉપસ્થિત રહ્યા હતા.

● રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૧ જૂન "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જેમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આ વર્ષે માનવતા માટે યોગાસનો એવી થીમ રાખવામાં આવી હતી. આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે આ આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતના ૭૫ જેટલા આઈકોનિક સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગાંધીનગરમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈ.સ. ૧૯૭૧ ભારત પાકિસ્તાન યુધ્ધમાં ભાગ લેનાર અને હાલ નિવૃત જીવન વિતાવનાર પરંતુ યોગ જેવી પ્રવૃતિઓમાં કાર્યરત એવા ફૌજી સૈનિકો શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ બી. પ્રજાપતિ તથા શ્રી ધનજીભાઈ પ્રજાપતિ ધ્વારા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરમાં આયોજીત યોગ શિબિર માં યોગ તથા ધ્યાન કરાવવામાં આવ્યા હતા. સાથે યોગ ધ્વારા કેવી રીતે નિરોગીમય જીવન વિતાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ગ્રંથાલયના સ્ટાફ તથા તેની મુલાકાત લેનાર વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ગ્રંથપાલશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યુ હતું જેને સંસ્થાના સમગ્ર કર્મચારીઓના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

● એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણ

ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ કલોલ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ અને મધુર ડેરીના ચેરમેન ડૉ.શંકરસિંહ આર. રાણાની પ્રેરક ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણ ખાતે કરાઈ હતી. જેમાં ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું કે યોગ એ માનવ જીવનના ઘડતરનો પાયો છે અને શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે વણાયેલ છે. તેમણે સ્કુલમાં દરરોજ ૩૦ મિનિટ યોગ કલાસ ચાલુ કરવાની ઘોષણા કરી હતી. આ પ્રસંગે સ્કૂલના વિદ્યાર્થીઓ, સ્ટાફ ગણ તેમજ માન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

● શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એક સપ્તાહ સુધી કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રો. ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી, ડૉ. એન.કે. પટેલ અને પ્રા. વિનોદભાઈ ચૌધરીના સહયોગથી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સરસ્વતી વિદ્યાલય

સરસ્વતી વિદ્યાલય ખાતે યોગનો કાર્યક્રમ સે-૫ના બગીચામાં યંગ ઓલ્ડ યોગાસન ગૃપના યોગગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. બધા જ વિદ્યાર્થીઓએ શિસ્ત જાળવીને આ કાર્યક્રમનો લાભ લીધો હતો.